## એકમ કસોટી 5 (ડિસેમ્બર)

**ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન** **કુલ ગુણ - 25**

## વિભાગ : A

પ્રશ્ન 1. તાજમહેલ : શાહજહાં તો હુમાયુનો માકબરો : ...............

- (C) હામીદા બેગમ

પ્રશ્ન 2. ખરું કે ખોટું જણાવો. : સરકારે આવશ્યક ચીજવસ્તુ માટેનો ધારો 1965માં અમલમાં મૂક્યો છે.

- ખોટું

પ્રશ્ન 3. જોડકું : FPO જામ, ફ્રૂટ, શાકભાજી તથા જ્યુસ પર લાગતો લોગો .

- સાચું

પ્રશ્ન 4. નક્સલવાદ આંદોલનની શરૂઆત ક્યાં રાજ્યમાં થઈ હતી ?

- નક્સલવાદ આંદોલનની શરૂઆત 1967માં પશ્ચિમ બંગાળમાં ચારુ મજમુદારના નેતૃત્વ નીચે નક્સલવાદી આંદોલન શરૂ થયું હતું.

પ્રશ્ન 5 . વિકલ્પ : અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો ઉલ્લેખ ..................... ના આદેશ દ્વારા કરવામાં આવ્યો છે.

- (C) રાસ્ટ્રપતિ

## વિભાગ : B

પ્રશ્ન 6. અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળોના નામ લખો.

- અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી : (1) ભદ્રનો કિલ્લો, (2) જામા મસ્જિદ, (3) રાણી સિપ્રીની મસ્જિદ (મસ્જિદ-એ-નગના), (4) સરખેજનો રોજો, (5) કાંકરિયું તળાવ (હોજે-કુતુબ), (6) સારંગપુર અને ગોમતીપુરના ઝૂલતા મિનારા, (7) સીદી સૈયદની જાળી (લાલ દરવાજા), (8) હઠીસિંગનાં દેરાં (દિલ્લી દરવાજા), (9) રાણી રૂપમતીની મસ્જિદ, (10) દાદા હરિની વાવ, (11) સૂફી સંત શાહઆલમનો રોજો, (12) દરિયાખાનનો ઘુમ્મટ, (13) ગાયકવાડની હવેલી, (14) બાદશાહનો હજીરો, (15) રાણીનો હજીરો, (16) આઝમખાનનો રોજો, (17) ઝકરિયા મસ્જિદ અને (18) અહમદશાહની મસ્જિદ.

પ્રશ્ન 7. સિંધુ સભ્યતાનું નગર ધોળાવીરા વિષે ટૂંકમાં માહિતી આપો.

- ધોળાવીરા ભુજથી લગભગ 140 કિલોમીટર દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીર બેટમાં આવેલું છે,
- તે હડપ્પાનગરનું સમકાલીન મોટું અને વ્યવસ્થિત નગર છે.
- ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ અહીંના ટીંબાનું સર્વેક્ષણ કર્યું હતું. તે પછી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ અહીં સંશોધન કર્યું હતું. ત્યારપછી ઈ. સ. 1990માં પુરાતત્ત્વવિદ રવીન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન હેઠળ અહીં વિશેષ ખોદકામ કરવામાં આવ્યું હતું.
- ધોળાવીરાનો મહેલ, કિલ્લા અને તેની દીવાલોને સફેદ રંગ કરવામાં આવ્યો હશે તેના અવશેષો અહીંથી મળ્યા છે.
- નગરની કિલ્લેબંધી ખૂબ મજબૂત અને સુરક્ષાની દૃષ્ટિએ રક્ષણાત્મક દીવાલોવાળી છે. આ દીવાલો બનાવવામાં પથ્થર, ઈંટો અને માટીનો ઉપયોગ થયેલો છે.
- નગરમાં પીવાનું પાણી ગળાઈને શુદ્ધ બનીને આવે તેવી વ્યવસ્થા હતી, પાણીના શુદ્ધીકરણની આ વ્યવસ્થા અદ્ભુત છે. આમ, ધોળાવીરાની નગરરચના વ્યવસ્થિત અને આયોજનપૂર્વક હોવાનું માની શકાય છે.

અથવા

પાટણ - રાણીની વાવ

- પાટણ : સહસ્ત્રલિંગ તળાવ અને રાણીની  (રાણકી) વાવ પાટણના પ્રખ્યાત સ્થાપત્યો છે.
- ઈ.સ. 1140માં સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવ બંધાવ્યું હતું.
- ભીમદેવ પ્રથમની રાણી ઉદયમતીએ શહેરની પ્રજાને પાણી પૂરુ પાડવા માટે વાવ બંધાવી હતી, જે રાણીની (રાણકી) વાવને વૈશ્વિક સ્થળમાં સમાવિષ્ટ કરી છે.

પ્રશ્ન 8. કાળું નાણું ભાવવધારાનું એક કારણ છે. સમજાવો.

- હિસાબી ચોપડે નહિ નોંધાયેલી અને જેના પર કરવેરો ચૂકવ્યો નથી તેવી બિનહિસાબી આવક કાળું નાણું કહેવાય છે.
- કાળું નાણું ધરાવતા લોકો ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ વધારે છે. પરિણામે ભાવવધારો થાય છે.
- કેટલીક વાર કાળું નાણું સંગ્રહખોરી અને સટ્ટાકીય પ્રવૃત્તિઓ માટે જરૂરી ભંડોળ પૂરું પાડે છે.
- કાળું નાણું ધરાવતી વ્યક્તિઓ આવકવેરાના હાથે પકડાઈ જવાની બીકે તે નાણાંને વહેલી તકે ખર્ચી નાખવાનું વલણ ધરાવે છે.
- તેઓ તેમના મોજશોખ કે વૈભવની વસ્તુઓ ગમે તેટલા ઊંચા ભાવે ખરીદતાં અચકાતા નથી. આ પરિસ્થિતિ ચીજવસ્તુઓની ભાવવૃદ્ધિ કરે છે. આમ, કાળું નાણું ભાવવધારાનું એક કારણ છે.

પ્રશ્ન 9. નીચે આપેલા લોગો વિષે સમાજ આપો

- ISI : ISIનું પૂરું નામ 'ઇન્ડિયન સ્ટાન્ડ ઇન્સ્ટિટયૂટ' છે, જે હવે 'બ્યુરો ઑફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ(BIS)'ના નામે ઓળખાય છે. ભારત સરકારે વસ્તુની ગુણવત્તા પ્રમાણિત કરવા માટે ISIની સ્થાપના ઈ. સ. 1947માં કરી હતી. ખેત-ઉત્પાદન સિવાયની યોગ્ય ગુણવત્તા ધરાવતી ચીજવસ્તુઓને પ્રમાણિત કરવા ઉત્પાદકોને ISI માર્કો વાપરવાનો પરવાનો આપવામાં આવે છે.
- એગમાર્ક : મધ, ઘી, મરી-મસાલા જેવા ખાદ્ય પદાર્થો, વનપેદાશો, બાગાયતી પેદાશો તથા ખેત-ઉત્પાદન પર આધારિત ઉત્પાદનો પર 'એગમાર્ક' (Agmark) લગાવવામાં આવે છે.લગાવવા માં આવે છે.
- વુલમાર્ક : ઊનની બનાવટો અને તેના પોશાક પર વુલમાર્ક માર્કો લગાવવામાં આવે છે.
- HACCP : યાંત્રિક પ્રક્રિયા દ્વારા તૈયાર કરેલા ખોરાકની બનાવટો પર એચ.એ.સી.સી.પી. (HACCP) (હેઝાર્ડ એનાલીસીસ ઍન્ડ ક્રિટીકલ કન્ટ્રોલ પૉઇન્ટ)નો માર્કો લગાડવામાં આવે છે.

પ્રશ્ન 10. તફાવત લખો:આતંકવાદ અને બળવાખોરી

| | આતંકવાદ | બળવાખોરી |
|---|---|---|
| 1 | તે એક વૈશ્વિક સમસ્યા છે. | તે જે-તે રાષ્ટ્રની સમસ્યા છે |
| 2 | તે આંતરરાષ્ટ્રીય વિસ્તાર ધરાવે છે. તે પોતાના અથવા અન્ય દેશની વિરુદ્ધ હોય છે. | પોતાની સરકાર વિરુદ્ધ એક પ્રાદેશિક સ્તરે વિકસેલી હોય છે. |
| 3 | આતંકવાદને સ્થાનિક પ્રજાનો સહકાર મળે કે ન મળે. | બળવાખોરી સ્થાનિક પ્રજાના સહકારથી ચાલે છે. |
| 4 | આતંકવાદથી પ્રભાવિત રાષ્ટ્રોનો વિકાસ અટકી જાય છે. | બળવાખોરોથી પ્રભાવિત રાજ્યો કે પ્રદેશોનો વિકાસ અટકી જાય છે. |
| 5 | આતંકવાદ સાંપ્રદાયિક હિંસા કે ઘૃણા ફેલાવીને સમાજને વિભાજિત કરે છે. | બળવાખોર સંગઠનો લોકોને ડરાવી, ધમકાવી અને હત્યાનો આશરો લઈ ભયનું વાતાવરણ ઊભું કરે છે. |

અથવા

ફક્ત અનુસૂચિત જનજાતિ ,અટેની જોગવાઈ લખો

- બંધારણનો આર્ટિકલ 17 મુજબ રાજ્યપાલોને નીચેની સત્તાઓ આપે છે :
- અનુસૂચિત જનજાતિઓના હિતમાં બધા નાગરિકોના ગમે તે પ્રદેશમાં આવ-જા કરવાના, વસવાટ કરવાના, મિલકત સંપાદન કરવાના અથવા કોઈ પણ વેપાર કે ધંધો કરવાના સામાન્ય હકો પર નિયંત્રણ મૂકવાની સત્તા આપે છે.
- આ સત્તાની રૂએ રાજ્યપાલો અનુસૂચિત જનજાતિઓના વિસ્તારોમાં જમીનની ફેરબદલી, નાણાંની ધીરધાર તેમજ અન્ય પ્રકારે અનુસૂચિત જનજાતિઓના થતા શોષણને અટકાવવા અને શોષણ સામે રક્ષણ કરવા ખાસ કાયદાઓ બનાવી શકે છે.

વિભાગ : C

પ્રશ્ન 11. ભાવનિયંત્રણ માટેના મુખ્ય બે ઉપાયોની સમીક્ષા કરો.

1. નાણાકીય પગલાં :

- ભારતની મધ્યસ્થ બૅન્ક – રિઝર્વ બૅન્ક ઓફ઼ ઇન્ડિયા (RBI) નાણાંનો પુરવઠો ઘટાડે છે. તેથી લોકોની ખર્ચ કરવાની પ્રવૃત્તિ પર અંકુશ આવે છે. પરિણામે વસ્તુઓની માંગ ઘટતાં તેમની કિંમતોમાં ક્રમશઃ ઘટાડો થાય છે..
- મધ્યસ્થ બૅન્ક -RBI બેંક ધિરાણનીતિ અન્વયે વ્યાજના દર વધારે છે, તેથી લોન કે ધિરાણ મોંઘું બનતાં મૂડીરોકાણ ઘટે છે. પરિણામે સટ્ટાકીય પ્રવૃત્તિઓ અટકતાં સંગ્રહખોરી અને કાળાબજાર જેવી પ્રવૃત્તિઓ ઓછી થાય છે. તેમજ નફ઼ાખોરી અંકુશિત બને છે.
- વ્યાપારી બૅન્કો પણ ધિરાણ દર વધારતાં ધિરાણનું પ્રમાણ ઘટે છે. વ્યાજદર વધતાં સટ્ટાખોરીમાંથી વધારાનું નાણું બચત સ્વરૂપે પાછું વળે છે, તેથી મૂડીસર્જનનો દર વધે છે. નવા ધંધા-રોજગારનાં ક્ષેત્રો ખુલે છે.
- રિઝર્વ બૅન્ક સરકારી જામીનગીરીઓના વેચાણ દ્વારા નાણાંના પ્રવાહને અંકુશમાં રાખી શકે છે.

### 2. રાજકોષીય પગલાં :

- સરકર અંદાજપત્રની રાજકોષીય ખાધમાં ઘટાડો કરવા સબસિડીમાં ઘટાડો, જાહેર લોનોના પ્રમાણમાં ઘટાડો કરીને વ્યાજની ચુકવણીમાં થયડો, વહીવટી ખર્ચમાં કર કનસર અને બિનજરૂરી ખર્ચમાં ઘટાડો જેવાં પગલાં ભરે છે.
- સરકાર પ્રત્યક્ષ કરવેરાના પ્રમાણમાં અને વ્યાપમાં વધારો કરે છે. તે વધુ આવક ધરાવતા શ્રીમંત વર્ગની વપરાશી વસ્તુઓ છે સખસગવડની વસ્તુઓ પર વધારે કરવેરા નાખે છે, જેથી એ વસ્તુઓ માંથી બનતાં ખરીદી ઘટે છે. આમ, માંગ ઘટતાં ભાવો ઘટે છે.
- જાહેરઋણની નીતિ અનુસાર સરકાર 'ફ઼રજિયાત બચત યોજના' જેવી સ્કીમ જાહેર કરીને સમાજમાં થતા કુલ ખર્ચને મર્યાદિત કરવા પ્રયાસ કરે છે તેમજ બચતોને પ્રોત્સાહન આપવા વિવિધ પગલાં ભરે છે. તેથી ચીજવસ્તુઓની માંગ ઘટતાં ભાવો ઘટે છે.

## પ્રશ્ન 12. સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો જણાવો.

- સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો નીચે પ્રમાણે છે :
- સાંપ્રદાયિક તત્ત્વો સામે સૌ નાગરિકોએ અને સરકારે સખતાઈથી કામ લેવું. કોઈ પણ સંજોગોમાં તેમની સામે ઝુકવું નહિ તેમજ સમાધાન કરવું નહિ.
- શિક્ષણ દ્વારા સાંપ્રદાયિકતા અસરકારક રીતે નાબૂદ કરી શકાય છે, તેથી અભ્યાસક્રમોમાં બધા ધર્મોનાં સારાં તત્ત્વો દાખલ કરવાં જોઈએ. તદુપરાંત, શાળાઓમાં સર્વધર્મની પ્રાર્થનાઓ તેમજ સામાજિક અને ધાર્મિક તહેવારોની ઉજવણી કરવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓમાં સર્વધર્મસમભાવનો દૃષ્ટિકોણ વિકસાવી શકાય છે.
- ભારતના ચૂંટણી પંચે સાંપ્રદાયિક વિચારસરણી પર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી નહિ. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા બનાવીને તેનો ચુસ્તપણે અમલ કરવો અને કરાવવો.
- રેડિયો, ટેલિવિઝન અને ફ઼િલ્મો જેવાં દશ્ય-શ્રાવ્ય માધ્યમો લોકમત ઘડનારાં શ્રેષ્ઠ વીજાણુ માધ્યમો છે. રેડિયો અને ટેલિવિઝને પોતાના કાર્યક્રમો દ્વારા તેમજ સિનેમાના પડદા પર ફ઼િલ્મોએ સમાજમાં સર્વધર્મસમભાવ અને સહિષ્ણુતાની ભાવનાનો પ્રસાર કરવો જોઈએ. રેડિયો અને ટેલિવિઝને રાષ્ટ્રીય હિતો અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.
- સક્ષમ, સબળ અને નિષ્પક્ષ યુવાનોએ સાંપ્રદાયિક હિંસાને નાબૂદ કરવા કમર કસવી જોઈએ.
- યુવાનોમાંથી સાંપ્રદાયિક ભાવના નાબૂદ થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ ખીલે એવા શૈક્ષણિક અને સામાજિક પ્રયત્નો કરવા જોઈએ.
- સમાજના બુદ્ધિજીવીઓ, રાજકીય નેતાઓ, ધર્મ કે સંપ્રદાયના વડાઓ વગેરેએ સાથે મળીને સાંપ્રદાયિકતાને અંકુશિત અને નિર્મૂળ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ.
- ધર્મ, જાતિ, ભાષા અને પ્રદેશથી ઉપર રાષ્ટ્રહિતો અને રાષ્ટ્રગૌરવ છે એવી સમજ લોકોમાં કેળવવી જોઈએ, જે તેમનામાં ઐક્ય, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

## પ્રશ્ન 13. અજંતા- ઇલોરાની ગુફ઼ાઓ વિશે માહિતી આપો.

## અજંતાની ગુફા

- અજંતાની ગુફાઓ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના અજંતા ગામ પાસે વાઘેરા નદીના કાંઠે અર્ધગોળાકારે ઊભેલા સહ્યાદ્રિ પર્વતના એક ભાગને કોતરીને બનાવવામાં આવી છે.
- હાલમાં અજંતામાં 29 જેટલી ગુફાઓ ઉપલબ્ધ છે.
- ઈ. સ. 1819માં અંગ્રેજ કેપ્ટન જહૉન સ્મિથે વિસરાઈ ગયેલી અજંતાની ગુફાઓને પુનઃસંશોધિત કરી હતી, -> વાસ્તુકલાની દૃષ્ટિએ અજંતાની ગુફાઓ મહત્ત્વની છે.
- અજંતાની ગુફાઓને બે ભાગમાં વહેંચી શકાય છે : (1) ચિત્રકલા આધારિત ગુફાઓ અને (2) શિલ્પકલા આધારિત ગુફાઓ.
- ચિત્રકલા આધારિત ગુફાઓમાં 1, 2, 10, 16 અને 17 નંબરની ગુફાઓનાં ભીંતચિત્રો અનન્ય અને શ્રેષ્ઠ કક્ષાનાં છે. આ ભીંતચિત્રો બૌદ્ધ ધર્મ આધારિત છે.
- અજંતાની ગુફાઓના બે પ્રકાર છેઃ (1) ચૈત્ય અને (2) વિહાર.
- 9, 10, 19, 26 અને 29 નંબરની ગુફાઓ ચૈત્ય ગુફાઓ છે, જ્યારે બાકીની વિહાર ગુફાઓ છે.
- અજંતાની ગુફાઓ શરૂઆતની બૌદ્ધ વાસ્તુકલા, ગુફાચિત્રો અને શિલ્પકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે.
- આ ગુફાઓ તેની આગવી કલાસમૃદ્ધિને કારણે ભારતમાં અને જગતભરમાં પ્રખ્યાત છે.
- આ ગુફાઓમાં ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલાનો સુભગ સમન્વય થયેલો છે. આ ગુફાઓના અપૂર્વ કલાસર્જને ભારતીય કલાને વિશ્વમાં ગૌરવાન્વિત કરી છે.
- [વિશેષ: ચૈત્ય એટલે બૌદ્ધ સાધુઓનું પ્રાર્થના અને ઉપાસના માટેનું સ્થળ. વિહાર એટલે બૌદ્ધ મઠ, જ્યાં બૌદ્ધ ભિક્ષુઓ રહે છે. અને અધ્યયન કરે છે]

## ઇલોરાની ગુફા

- ઈલોરાની ગુફાઓની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે છે:
- ઈલોરાની ગુફાઓનું નિર્માણ ઈ. સ. 600થી ઈ. સ. 1000 દરમિયાન થયેલું છે.
- તે મહારાષ્ટ્ર રાજ્યના ઔરંગાબાદ પાસે આવેલી છે.
- ઈલોરાની કુલ 34 ગુફાઓ પૈકી 1થી 12 ગુફાઓ બૌદ્ધ ધર્મની, 13થી 29 ગુફાઓ હિંદુ ધર્મની અને 30થી 34 ગુફાઓ જૈન ધર્મની છે.
- હિંદુ ધર્મની ગુફાઓનું નિમણિ રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના સમયમાં થયેલું છે.
- અહીં બૌદ્ધો, જૈનો અને હિંદુઓના સાંસ્કૃતિક યુગને પ્રદર્શિત કરતી મૂર્તિઓ અને સ્તંભો છે.
- ઈલોરાની ગુફાઓ બૌદ્ધ, હિંદુ અને જૈન ધર્મનું પવિત્ર સ્થાન બન્યું છે.
- ઈલોરા પરિસરે તેના ઉત્કૃષ્ટ અને અદ્વિતીય કલાસર્જનથી શોભાયમાન બન્યું છે. તે ભારતીય કલાનો અદ્ભુત વારસો છે.
- ઈલોરાની ગુફાઓનું મુખ્ય આકર્ષણ કૈલાસ મંદિર છે. તેની લંબાઈ 50 મીટર, પહોળાઈ 33 મીટર અને ઊંચાઈ 30 મીટર છે.
- તેને એક જ મોટા પથ્થરમાંથી કોતરીને બનાવવામાં આવ્યું છે.
- કૈલાસ મંદિર તેના દરવાજા, ઝરૂખા અને અનેક સુંદર સ્તંભોથી સુશોભિત છે, એ શોભા અવર્ણનીય છે.